બનાસકાઠામાં લૂંટ કરનાર આંતરરાજ્ય કોહલી ગેગના બે ને પોલીસે ઝડપ્યા

બનાસકાઠામાં એક વર્ષ અગાઉ થયેલ અલગ અલગ લૂંટ ધાડ ખંડણીના ગુનાઓમાં ફરાર આંતરરાજ્ય કોહલી ગેંગના બે આરોપીઓને આજરોજ બનાસકાઠા એલસીબી પોલીસે વોચ ગોઠવી ડીસાથી જડપી પાડયા હતા.

બનાસકાઠામાં એક વર્ષ અગાઉ ત્રણ લૂંટ થવા પામી હતી. જેમા તા.૨/૪/૨૦૧૬ના રોજ પાલનપુર તાલુકાના કાણોદરના વતની તેમજ પાલનપુર ખાતે મેડીકલ એજન્સી ધરાવતા એહમદ હુસેન હસનઅલી મોમીન પોતાની સ્વીફટ કાર લઈ પોતાના ઘર તરફ જઈ રહયા હતા તે દરમ્યાન જગાણા ગામ નજીક ગાડી આડે કરી માર મારી ૯૦ હજારની લૂંટ કરી નાસી છુટયા હતા. જયારે તા.૨૩/૫/૨૦૧૬ના રોજ વડગામ મુકામે સોનાની દુકાન ધરાવતા

રમેશ બાબુલાલ સોની સાંજે પોતાના ગામ વિઠોડા તરફ જઈ રહયા હતા ત્યારે શેરપુરા ગામની સીમમા લાલ કલરની ગાડીમાં આવેલા ઈસમોએ રમેશભાઈને માર મારી અપહરણ કરી સોના ચાદીના દાગીના તેમજ ૫ લાખની ખંડણી લઈ ભાગી ગયા હતા. ત્યારે આવી જ રીતે એક વર્ષ અગાઉ પાલનપુર જુના ગંજબજામાં ઈન્ડીયન એગ્રીકલ્ચર નામની દુકાન ધરાવતા માલીક દુકાન બંધ કરી પોતાનો થેલો લઈ ઘર તરફ જઈ રહયા હતા તે દરમ્યાન ઉપરોકત ઈસમોએ થેલાની લૂંટ કરી નાસી ગયેલ. જેમા ત્રણ લાખથી વધારે રકમની કબુલાત કરી હતી. પકડાયેલા આરોપીઓમાંથી ૧. જગદીશ કુમાર દિવાનસીંહ બહાદુરરામ કોહલી મુળ પીથોરાગઢ નૈનીતાલ ઉતરાખંડનો વતની છે અને મુંબઈમાં સ્થાઈ થઈ કોરીયોગાફર તરીકે કામ કરે છે.

જયારે તેનો મિત્ર તારાચંદ દીપચંદ ગુપ્તા રહે.જોગેષ્વરી પૂર્વ મુંબઈ આ બંન્ને આરોપી ગુજરાતમાં આવી લૂંટ ધાડ ચોરી કરી મુંબઈ નાસી જતા હતા. ત્યારે બાતમીના આધારે આ આરોપીઓને એલસીબીએ ઝડપી પાડી જીલ્લામા લૂંટના વધતા બનાવોને ડામવા વધુ તપાસ હાથ ધરી હતી.

પાલનપુરનું માનસરોવર તળાવ ગટરના ગંદા પાણીથી ઉભરાઈ જતા આક્રોશ

ભાજપ શાસિત પાલિકાની અણઆવડતને લીધે સમગ્ર શહેરનું ગટરનું પાણી તળાવ ઠાલવાયું

પાલનપુર, તા.૧૫

બનાસકાંઠા જીલ્લાનું મુખ્યાલય પાલનપુરમાં આવેલ ઐતહાસિક માનસરોવર હવે પાલિકાના પાપે ગંદા ગટરનું તળાવ બની ગયું છે. નવાબી સમયમાં પ્રજાની સુખાકારી માટે બનાવવામાં આવેલા માનસરોવર ગંદા ગટરના પાણીથી ગંધાઈ રહ્યું છે.

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના નવા નિશાળિયા શાસનકર્તાઓની અણ આવડતના લીધે માનસરોવરની બદતર હાલત જોઈને પાલનપુર વાસીઓમાં પણ નારાજગી જોવા મળી રહી છે. શહેરના ઐતહાસિક એવા માનસરોવરમાં શહેરનું ગંદુ પાણી ઠલવાતું હોવાથી હાલમાં સવાર અને સાંજે તંદુરસ્તી માટે વોકિંગ પર જતા પાલનપુર પ્રબુદ્ધ નાગરિકોને અસહ્ય દુર્ગંધના લીધે મોઢે રૂમાલ બાંધીને પસાર થવું પડે છે. હાલમાં પાલનપુરના માનસરોવર ગટરના ગંદા પાણીથી ભરાઈ ગયું છે બીજી તરફ ચોમાસું દસ્તક દઈ રહ્યું છે ત્યારે જો વધુ વરસાદ પડે તો માનસરોવર તળાવ ની આસપાસ વસતા પાલનપુર વાસીઓની મુશ્કેલી વધી શકે તેમ છે.

અત્રે ઉલ્લખનીય છે કે એક સમયે આ ઐતહાસિક માનસરોવર તળાવ ચોખા ચટ પાણીથી છલોછલ ભરેલું રહેતું હતું અને પાલનપુર સહિત આસપાસથી મોટી સંખ્યામાં મહિલાઓ તળાવની ફરતે કપડાં ધોતા નજરે પડતા હતા. જે અત્રે આ દશ્યો કલ્પના માત્ર બની ગયા છે.

અરવલ્લીની ગિરિમાળા વચ્ચે સાત સૈયદ બાવાની દરગાહ કોમી એકતાનું પ્રતિક સ્થાન

મેઘરજ, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના મેઘરજની પશ્ચિમ દિશાએ અરવલ્લી ડુંગરોની ગિરિમાળા વસ્તીને અડીને આવેલ અતિ પુરાણી હઝરત સાત સૈયદ બાવાની એક લાઈનમાં આવેલ સાત દરગાહો હિન્દુ-મુસ્લિમ સમાજના દીન-દુઃખીઓ માટે તેમની માંગવામાં આવતી દુઆઓ પુરી થતા

હોવાના ચમત્કારોનો અહેસાસ ભાવિકો આજે પણ માને છે.

આ સ્થાન પ્રતિક બનેલ હઝરત સાત સૈયદ બાવાની આગામી મુ.સ. ચાંદ-૨૧, તા. ૧૮-૫-૨૦૧૭ મે, ગુરૂવાર ભવ્ય સંદલ યોજાશે તેમાં રાજસ્થાન સહિત હજારો હિન્દુ-મુસ્લિમો દૂર દૂરથી પોતાના પરિવારો સાથે આવે છે તેમની હાજરી હઝરતની સાથે દરગાહો ઉપર દરગાહના ખાદીમ મહમ્મદ શેખ નિયાતઅલી (દમદાર)ના ઉર્ફે મિસ્કીન બાવા હસ્તે ચાદરો ચઢાવી સહુના માટે દુઆ માગે છે અને તજ મુ.સ. ચાંદ ૨૨, તા. ૧૯-૫-૨૦૧૭ મે, શુક્રવાર, ભારે ધૂમધામ સાથે ઉર્સ ઉજવણી કરી અલ્લાહ દુઆ સાથે હિન્દુ-મુસ્લિમ પરિવારો હઝરત સાત સૈયદ બાવાની મઝારે માથુ ટેકવી માનતાઓ માની અનેરો લાભ લઈ ધન્ય બને છે. તે રીતે અહી આવતા પરિવારોમાં દરેકને જુદી જુદી પ્રકારના એકતાના દર્શનનો લાભ મળે છે. આ ઉજવણીનો દર વર્ષે ભાવિકો લાભ લઈ ધન્યતા અનુભવે છે અને ભવ્ય મહિમામાં મેઘરજ સહીત તાલુકા અને નજીકના રાજસ્થાન જિલ્લાના સીમલવાડા, પીઠ, ધંબોલા, સાગવાડા, બાંસવાડા તેમજ મહીસાગર જિલ્લાના તેમજ મોડાસા માલપુરમાંથી મોટી સંખ્યામાં હિન્દુ-મુસ્લિમ ભાઈઓ આ લાભ લેવા ઉમટી પડે છે અને જે લોકોની માનતા પુરી થતી હોય છે તે તેમના અન્ય પરિવારોના લોકોને જાણ કરી તેમને પણ આગામી સંદલમાં માનતા લેવા સાથે લાવતા હોય છે. આમ હિન્દુ-મુસ્લિમ સમાજમાં દુઆઓ પુરી થતા ચમત્કારોનો દિન પ્રતિદિન અહેસાસ ભાવિકોમાં વધતો જાય છે. જેથી ભાવિકભક્તોમાં અતિ પુરાણી હઝરત સાત સૈયદ બાવાની એકતાના દર્શનનો લાભ દર વર્ષે હિન્દુ-મુસ્લિમ ભાઈઓ શ્રીફળ વધેરી માનતા પુરી કરે છે તેમજ ઉર્સ પણ ભરાય છે તે દરમ્યાન મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોવા મળતા હોય છે.

ભિલોડામાં ભેળસેળવાળા કેરીના રસનું ધુમ વેચાણ

ભિલોડા,તા.૧૫

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડામાં ભેળસેળવાળા કેરીના રસનું ધુમ વેચાણ થઈ રહ્યું છે. પ્રજાજનોના આરોગ્ય સાથે ચેડા થઈ રહ્યા છે પરંતુ મલાઈદાર હપ્તારાજ ચાલતુ હોવાના કારણે વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા હોવાના જાગૃત પ્રજાજનો ધ્વારા જાણવા મળેલ છે. બજારોમાં કેરીનું આગમન થતાં સ્વાદના શોખીન પ્રજાજનો કેરીના રસનો સ્વાદ ચાખવાનો શરૂ કરી દીધો છે. કાર્બાઈડથી પકવેલી કેરીઓનું ધુમ વેચાણ થઈ રહ્યું છે. ઉનાળાની અસહ્ય કાળઝાળ આગ ઝરતી ગરમીમાં કેરીનું ધુમ વેચાણ થઈ રહ્યું છે. કેરીના ભાવથી ઓછા ભાવમાં ભેળસેળવાળો કેરીનો રસ સરળતાથી સસ્તા ભાવે મળી રહે છે. બજારમાં તૈયાર મળતો કેરીનો રસ અને કેરીનો જ્યુસ ભેળસેળવાળો બનાવવા માટે પપૈયા, એસેન્સ, કલર, બરફ, પાણીનું મિશ્રણ કરી કૃત્રિમ કેરીનો રસ બનાવવામાં આવે છે. બજારોમાં ધુમ વેચાણ થઈ રહ્યું છે પરંતુ પ્રજાજનોના આરોગ્ય સાથે રીતસરના ચેંડા થઈ રહ્યા હોવાનું જાણવા મળેલ છે. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડામાં ઠેર-ઠેર કેરીના રસના જ્યુસ સેન્ટરો, શેરડીના રસના સેન્ટરો બિલાડીના ટોપની માફક ફુટી નીકળ્યા છે. બે નંબરીયા અમુક વેપારીઓ વધુ નફો મેળવવા ભેળસેળવાળો કેરીનો રસ તૈયાર કરી કેરીના રસનું ધુમ વેચાણ કરી રહ્યા છે પરંતુ પ્રજાજનોના આરોગ્ય સાથે ચેંડા થઈ રહ્યા છે ત્યારે વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા છે. જાગૃત પ્રજાજનોમાં લોકમુખે ચર્ચાય છે કે વહીવટી તંત્રના ઉચ્ચ કક્ષાના અધિકારીઓ ધ્વારા સત્વરે યોગ્ય ન્યાયિક તપાસ કરવામાં આવશે કે કેમ તેમ લોકમુખે ચર્ચાય છે.

બાયડ શહેર ભાજપ યુવા મોરચા દ્વારા છાસ વિતરણ

ઉનાળાની ધોમધકતી ગરમીમાં વટેમાર્ગુઓ અને શરીજનોને રાહત મળી રહે તે માટે અરવલ્લી જિલ્લા ભાજપ યુવા મોરચા અને બાયડ શહેર યુવા મોરચા દ્વારા છાસ વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ગુજરાત રાજ્યના તમામ ૫૮૬ મંડલમાં તા. ૧૫ થી ૧૭ સુધી ભારતીય જનતા યુવા મોરચો દ્વારા છાસ અને પાણી વિતરણ અભિયાન અંતર્ગત અરવલ્લી જિલ્લા ભારતીય જનતા યુવા મોરચા દ્વારા છાસ અને પાણી વિતરણ કાર્યક્રમ બાયડ શહેર ખાતે યોજાયો આ અભિયાન ભારતીય જનતા યુવા મોરચા પ્રદેશ મંત્રી શ્રી હિમાંશુભાઇ પટેલ, અરવલ્લી જિલ્લા યુવામોરચા પ્રમુખ શ્રી પ્રશાંતભાઈ પટેલ, મહામંત્રી શ્રી જલ્પેશભાઈ, બાયડ તાલુકા યુવા એવા કેતનભાઈ, બાયડ યુવા મહામંત્રી મોહીનખાન બલોચ અને યુવા મોરચા કાર્યકર્તા ઉપસ્થિત રહી અને યુવા મોરચાના કાર્યક્રમ દ્વારા ગરમીમાં છાસ અને પાણી વિતરણ કરવામાં આવ્યું હતું.

ભિલોડા આર. જે. તન્ના પ્રેરણા મંદીરનું ગૌરવ

ભિલોડા અર્બુદા સેવા સંઘ સંચાલિત માતૃશ્રી આર.જે. તન્ના પ્રેરણા મદીર વિદ્યાલયનું ગૌરવ વિદ્યાર્થીઓએ વધારેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ ધ્વારા તાજેરમાં લેવાયેલી ધોરણ. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં મનીષકુમાર ડી.ડામોર ૮૮.૨૮ પી.આર.મેળવી શાળામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. ધવલકુમાર આર.તબીયાર ૮૭.૫૦ પી.આર.મેળવી દ્રિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. અર્બુદા સેવા સંઘ મંત્રી દામુભાઈ પટેલ, ઉપપ્રમુખ માધુભાઈ પટેલ, આચાર્ય રમણભાઈ પટેલ, સ્ટાફ પરીવારએ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

ઈડર તાલુકાના મોટાકોટડા ગામમાં શ્રધ્ધાંજલી અર્પવાનો કાર્યક્રમ યોજાયો

ઈડર તાલુકાના મોટાકોટડા ગામમાં શ્રધ્ધાંજલી અર્પવાનો કાર્યક્રમ યોજાયો હતો. મોટાકોટડા ગામના સામાજીક કાર્યકર કેશુભાઈ પી.પટેલ માતૃશ્રી સુરજબેન પી. પટેલની નવમી શ્રધ્ધાંજલી નિમિત્તે શ્રધ્ધાજલી અર્પવાનો કાર્યક્રમ તા.૧૨/૫/૨૦૧૭ નેશુક્રવારના રોજ યોજાયો હતો. આ પ્રસંગે વક્તાપુર ગામના સંત શિરોમણી લાલજી મહારાજ, શામળીયા ભક્ત મંડળ ધ્વારા ભજન કિર્તન, સત્સંગ મેળાવડા દરમ્યાન ગ્રામજનો, ભાવિક ભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા.

હાલમાં કાંકરેજ ગાયોમાં વિયાણની ઋતુ હોઈ ૧૦૦ ટકા બીજદાન માટે ઝુંબેશ હાથ ધરાઈ

બનાસકાંઠા, તા. ૧૫

બીજદાનથી સારા ગૌવંશની ગાયો તૈયાર કરી શકાય છે, જો સારા ગૌવંશની કાંકરેજ ગાયોનો ઉછેર કરીશું તો તે સારા પ્રમાણમાં દૂધ આપશે, તેનાથી વધુ આવક પ્રાપ્ત કરી શકાશે. કાંકરેજ ગાય પશુ સંવર્ધન યોજનામાં ખૂબ જ સારા પરિણામ જોવા મળી રહ્યા છે. જેમાં ૨૫૦૦ ઉપરાંત નોંધાયેલ ગાયોમાં વેતરનું સરેરાશ દૂધ ઉત્પાદન ૨૪૬૧ લિટર, પ્રથમ વિયાણની સરેરાશ ઉંમર ૧૦૮૦ દિવસ-એટલે ૩૬ મહિના અને બે વિયાણ વચ્ચેનો સરેરાશ ગાળો ૩૯૭ દિવસ-૧૩ મહિના જોવા મળેલ છે. આમ કાંકરેજ ગાયમાં બીજદાન કરવાથી ઉચ્ચ વંશવાળી ગાયો તૈયાર થઈ શકે છે તે સાબિત થયેલ છે.

કાંકરેજ ગાયોની ઓપરેશન સિવાયની તમામ સારવાર વિના મૂલ્યે કરવામાં આવે છે. જેના માટે કાંકરેજ ગાય/વાછરડીના કાને કડી(ટેગ) લગાવીને નોંધણી કરાવવાની હોય છે. આ સેવાનો લાભ સંઘ સંચાલિત તમામ દૂધ મંડળીઓના સભાસદ/દૂધ ગ્રાહકોને મળવાપાત્ર છે.

બીજદાન કર્મચારીએ કાને કડી લગાવેલ કાંકરેજ ગાયને નિઃશુલ્ક બીજદાન કરી નોંધણી કરીને સમયાંતરે ગાભણ તપાસ અને વિયાણની માહિતી આપવાની હોય છે. કાંકરેજ ગાયના બીજદાન માટે કાંકરેજના સીમેન ડોઝ જરૂરીયાત મુજબ મંડળી બીજદાન કર્મચારીઓને વિના મૂલ્યે આપવામાં આવે છે.

ફીના દર ઘટાડ્યા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પ્રવાહમાં ૩૭,૫૦૦ ફી લેવામાં આવતી હતી તે ઘટાડીને ૨૭,૦૦૦ ફી લેવાનો નિર્ણય કર્યો છે.

આ ઉપરાંત ચંદ્રાલાની વી.એમ. પટેલ સાર્વ. હાઈસ્કૂલ આયર્ન પબ્લીક સ્કૂલ બોરીસણા, (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ) અનન્ય વિદ્યાલય કલોલ, કલોલ જુનિયર સાયન્સ સ્કૂલની પણ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની શાળાઓનો સમાવેશ થાય છે. આ શાળાઓએ રૂ. ૩ હજારથી ૨૭ હજારની વચ્ચે તેમની ફીમાં ઘટાડો જાહેર કર્યો છે.

વાહનોની નોંધણી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

કચેરીમાં નોંધણી થઈ છે. જેમાં વર્ષ ૨૦૧૫-૧૬ માં મોપેડ ૧૨૧૪૫, બાઈક ૨૦૭૯૨ તેમજ લાઈટ મોટર વ્હીકલ અલબત્ત કાર સહીતના ૧૨૬૦૯ વાહનોની નોંધણી થઈ છે. જયારે વર્ષ ૨૦૧૬-૧૭ માં મોપેડ ૧૨૪૩૭, બાઈક ૧૮૨૦૧ અને લાઈટ મોટર વ્હીકલમાં ૧૨૭૫૨ સહીત કુલ ૫૧૫૪૧ વાહનોની નોંધણી કરવામાં આવી છે. આમ છેલ્લા બે વર્ષમાં ૧ લાખથી વધુ વાહનો નોંધાયા છે. શહેરમાં વધતા વાહનોની સાથે નગરના ટ્રાફિક સિનારીયામાં બદલાવ જોવા મળી રહયો છે ત્યારે નગરના રોડનેટવર્કને પણ અપગ્રેડ કરવાની અનિવાર્યતા વર્તાઈ રહી છે. બીજીતરફ માર્ગ સલામતીની દ્રષ્ટીકોણથી જોખમી પરિબળોને ડામવા માટે પણ અસરકારક પગલા લેવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

વિકાસ માટેની દૃષ્ટિ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સારી હોવાનો દાવો કરતાં પણ તેમણે કહ્યું કે ૩૧મી માર્ચે ૧૦ હજાર કરોડથી વધુ રકમ સરકારની તિજોરીમાં જમા હતી.

સરકારે સંપૂર્ણ પારદર્શકતા સાથે વહીવટ કર્યો છે. શહેરોની સુવિધાઓ વધારવામાં કોઈ જ કચાશ રાખી નથી.

૧૯૭૭માં તેઓ નગરપાલિકાની ચૂંટણી જીત્યા પછીની સ્થિતિનું પણ તેમણે વર્ણન કરી ૯૦માં નગરપતિ ધારાસભ્ય બન્યા ત્યારે જે સ્થિતિ હતી તેના કરતાં સાવ ઉલ્ટી સ્થિતિ આજે હોવાનો દાવો કર્યો હતો.

રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વિવાદ રહિત સંવાદ, ટાંચા સાધનોનો મહત્તમ ઉપયોગ કરવા સાથે સુચારૂ આયોજન અને અમલીકરણ સમયબદ્ધ થાય તે જોવા આગ્રહ કર્યો હતો.

તેમણે જણાવ્યુ હતુ કે સરકાર સૌને સાથે રાખી પ્રગતિ કરી રહી છે અને લોકોના હિતમાં અનેક મહત્વના નિર્ણયો કરી રહી છે ત્યારે આપ સૌ પણ એ જ સકારાત્મકતા સાથે આગળ વધો તે જરૂરી છે.

રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યુ હતુ કે પર્યાવરણની મંજૂરી સ્થાનિક કક્ષાએ જ મળતી થાય તે દિશામાં હાલ સરકાર આગળ વધી રહી છે. તેમણે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ આગામી દિવસોમાં આ સંસ્થાઓની આવકનું સાધન બનશે તે અભિગમ સાથે સરકાર આગળ વધી રહી હોવાનું જણાવ્યુ હતુ.

કૃષિ મહોત્સવ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વિશેષ સન્માન પણ કરવામાં આવનાર છે.

ગરમીનો પ્રકોપ હોવાથી ખેડૂતોને વહેલી સવારે જ લઈ જવાશે અને ૧૧.૩૦ સુધીમાં આ મહોત્સવની ઉજવણી સંપન્ન કરવામાં આવશે. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે દરેક બસમાં આરોગ્ય વિભાગ દ્વારા ઓઆરએસના પેકેટ તેમજ પાણીની પુરતી વ્યવસ્થા પાણી પુરવઠા વિભાગ દ્વારા કરવામાં આવી છે. જેથી કોઈ આરોગ્ય વિષયક પ્રશ્નો ઉભા થાય નહિ.

આ કૃષિ મહોત્સવમાં ખેડૂતોને આધુનિક ખેતી અંગે કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે તેમજ મહોત્સવના સ્થળે વિશેષ પ્રદર્શનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે જેમાં આધુનિક સિંચાઈ પધ્ધતિ, ખેતીની નવી પધ્ધતિઓ સહિતની વિગતો દર્શાવવામાં આવશે.

યોજનાની રકમ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પ્રગતિ હેઠળ છે. જયારે કેટલાક ઠેકાણે આ કામો પુર્ણ કરી દેવાયા છે. શહેરી વિકાસ યોજનાને અનુલક્ષી મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા નગરપાલિકા ,કોર્પોરેશન તેમજ સ્થાનિક ઓથોરિટીને વિકાસ કામો માટે નિયત રકમની ફાળવણી કરવામાં આવી હતી . મુખ્યમંત્રીના હસ્તે ચેકનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. જેમાં ગુડાના ચેરમેન આશિષ દવેને પણ મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે રૂ ૧.૫૦ કરોડનો ચેક એનાયત કરવામાં આવ્યો હતો. ગુડાના ચેરમેને આ અંગે જણાંવ્યુ હતુ કે હાલ ગુડા વિસ્તારમાં કાર્યરત પાણી ગટરની માળખાગત સુવિધાના કામોમાં આ રકમનો ઉપયોગ કરવામાં આવશે. જેમાં ટી પી ૫ અને ૯ માં પાણીની લાઈનની કામગીરી ચાલી રહી છે. જયારે ટી પી ૮ ધોળાકુવા રાંદેસણમાં ગટર લાઈનનુ કામ ચાલુ છે. મુખ્યમંત્રી દ્વારા ફાળવવામાં આવેલી આ રકમનો નાગરિકોને ઉપયોગી માળખાગત સુવિધાના કામોમાં કરવામાં આવશે.

વાઈરસ એટેક

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કચેરીઓ અને સંસ્થાઓમાં કામગીરી પ્રભાવિત થઈ હતી.

કેટલીક કચેરીઓમાં વાઈરસની ગંભીર અસરોને પગલે કોમ્પ્યુટર સીસ્ટમ જ ઠપ્પ થઈ ગઈ હતી અને તેના પરિણામે, રૂટીન કામગીરી ખોરવાઈ ગઈ હતી. ચોતરફ કોમ્પ્યુટર સીસ્ટમ ઠપ્પ થવાની અને કામગીરી ખોરવાવાના સમાચારને પગલે આજે સરકાર, વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર દ્વારા અરજન્ટ ધોરણે એક માર્ગદર્શિકા જારી કરવામાં આવી હતી. સાથે સાથે વાઈરસથી બચવા અને તેના નિવારણ તેમ જ તકેદારીઓ અને અગમચેતીઓ અંગેની જાણકારી જારી કરવામાં આવી હતી. રેન્સમવેર વાઈરસ મોટાભાગે ઈ-મેઈલથી પીસીમાં પ્રવેશ છે. જો તમે જોયા કે તપાસ કર્યા વિના આડેધડ ઈ-મેઈલ કે તેમાં એટેચ્ડ ફાઈલ ખોલો તો આ વાઈરસ તરત જ કોમ્પ્યુટરમાં ત્રાટકે છે અને કોમ્પ્યુટર લોક કરીને સીસ્ટમ ખોરવી નાંખે છે. ઈ-મેઈલમાં અજાણી અને ટાસ્ક છે.એક્સ લખેલી ફાઈલ નહી કરવાના મેસેજ વોટ્સ એપ પર અને મેસેજ મારફતે વહેતા કરાયા હતા કે જેથી લોકો તેનો ભોગ ના બને. રેન્સમવેર વાઈરસના કારણે ડિફેન્સ, વીજળી, ટેલિફોન, એરપોર્ટ, બેંકીંગ, શેરબજાર, શાળાઓ પર હુમલાનો સૌથી વધુ ખતરો છે અને તેથી રાજય સરકાર તેમ જ પ્રશાસન તંત્રએ આ સેકટરમાં વધુ ધ્યાન આપી ત્યાં સાયબર સુરક્ષા વધારી દીધી છે અને તેમાં કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા તંત્રને કામે લગાડાયું છે.

ધાંધલ ધમાલ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

રોકવાની ફરજ પડી હતી અને યાદ અપાવવાની ફરજ પડી હતી કે રાજ્યના લોકો તમામ ઘટનાક્રમને નિહાળી રહ્યા છે. ગૃહની કાર્યવાહીનો ક્ષેત્રીય દૂરદર્શન ચેનલ પરથી પ્રસારણ કરવામાં આવ્યું હતું. યોગી સરકાર ઉત્તર પ્રદેશ વિધાનસભામાં પ્રચંડ બહુમતિ ધરાવે છે. ૪૦૩ બેઠકોપૈકી ૩૨૫ બેઠકો ભાજપ અને તેના સાથી પક્ષો ધરાવે છે. જ્યારે સંયુક્ત વિપક્ષના સભ્યોની સંખ્યા ૭૮ જેટલી છે જેમાં સમાજવાદી પાર્ટીની ૪૭, બહુજન સમાજ પાર્ટીની ૧૯, કોંગ્રેસની સાતનો સમાવેશ થાય છે. આ ખાસ સત્ર જીએસટી બિલને પસાર કરવા માટે બોલાવવામાં આવ્યું હતું. સંસદ દ્વારા જીએસટી બિલને પહેલાથી જ મંજુરી આપી દેવામાં આવી છે.

નવો કાયદો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

લાવશે. રોહતાગીએ આ વાત એ વખતે કરી હતી જ્યારે કોર્ટે પ્રશ્ન કર્યો હતો કે, જો આ પ્રકારના તરીકા અથવા તો ત્રિપલ તલાકને દૂર કરી દેવામાં આવશે તો લગ્નમાથી નિકળવા માટે કોઈ મુસ્લિમ પુરુષ માટે કયા પ્રકારના રસ્તા રહેશે. આ અગાઉ કોર્ટે એમ પણ કહ્યું હતું કે, તે સમયના અભાવના પરિણામ સ્વરુપે હાલમાં માત્ર ત્રિપલ તલાકના મુદ્દા ઉપર સુનાવણી કરશે પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા ભાર મુકવામાં આવ્યા બાદથી કોર્ટ એક કરતા વધારે લગ્ન અને નિકાહ હલાલાના મુદ્દા ઉપર પણ ભવિષ્યમાં સુનાવણી કરવા માટે પોતાનો માર્ગ ખુલ્લો રાખી રહી છે. ચીફ જસ્ટિસ જેએસ ખેહરના નેતૃત્વમાં બંધારણીય બેંચે કહ્યું હતું કે, હાલમાં તેમની પાસે મર્યાદિત સમય છે તેમાં ત્રણેય મુદ્દાઓને એક સાથે સાંભળવાનો સમય નથી. આ મુદ્દાઓને ભવિષ્યમાં હાથ ધરવામાં આવશે. કોર્ટની તરફથી આ વાત એ વખતે કરવામાં આવી હતી.

ફાંસીને રોકવા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આ નિર્ણય સામે ભારતે ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસમાં અપીલ કરી હતી. ભારત તરફથી કોર્ટમાં ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ હરીશ સાલ્વેએ કહ્યું હતું કે, અમને ડર છે કે, કુલભૂષણને સુનાવણી પહેલા જ ફાંસી આપી દેવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, ભારત ઈચ્છે છે કે કુલભૂષણ જાદવને લઈને પાકિસ્તાની લશ્કરી કોર્ટના ચુકાદાને અમાન્ય જાહેર કરવામાં આવે. ભારત તરફથી હરીશ સાલ્વેએ જોરદાર દલીલો કરીને કોર્ટ રુમમાં સોપો પાડી દીધો હતો. સાલ્વેએ કહ્યું હતું કે, વર્તમાન સ્થિતિ ખુબ જ ગંભીર છે જેથી ભારતે આઈસીજેમાં દરમિયાનગીરીની માંગ કરી છે. જાધવની ધરપકડ બાદથી જ ભારતને કોઈ માહિતી આપવામાં આવી નથી. પાકિસ્તાને વિયેના સમજૂતિનો પણ ભંગ કર્યો છે. ભારતની માંગણી સ્વીકારવામાં આવી નથી. પોતાના પક્ષની રજૂઆત કર્યા બાદ હરીશ સાલ્વેએ કહ્યું હતું કે, અમે અમારી તરફથી જોરદાર રજૂઆત કરી ચુક્યા છે હવે તમામ કામ આઈસીજેના હાથમાં છે. જાધવની સજા અંગે ભારતે માહિતી આપી છે. ભારત તરફથી કહેવામાં આવ્યું હતું કે, પાકિસ્તાને જાધવના અધિકારોનો ભંગ કર્યો છે. ભારત પાસે એ પણ માહિતી નથી કે, જાધવને હાલમાં ક્યા રાખવામાં આવ્યો છે. કુલભુષણ જાધવને પોતાની તરફેણ કરવા માટે કોઈ તક આપવામાં આવી નથી. પાકિસ્તાને કુલભૂષણ જાધવની સામે તૈયાર કરવામાં આવેલી ચાર્જશીટની નકલ પણ ભારતને આપી નથી. સાથે સાથે રાજદ્વારી નિતી નિયમોનો ભંગ કરવામાં આવ્યો છે. જાધવને માત્ર નિવેદનના આધાર પર આરોપી બનાવી દેવામાં આવ્યો છે. પાકિસ્તાને રાજદ્વારી મદદ નહીં કરવા માટે પણ કોઈ કારણ આપ્યા નથી.

ફિલ્મો જોઈ શકાશે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

થોડાક વધારે પૈસા ખર્ચ કરવા પડશે. મોડેથી અન્ય ટ્રેનોમાં પણ આ સુવિધા આપવામાં આવનાર છે. સ્ટેશનો પર મોડેથી આ સુવિધા શરૂ કરી દેવામાં આવનાર છે. આ યોજનામાં સામેલ રહેલા રેલવે મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે યાત્રીઓની સુવિધા વધારે સુવિધાજનક બનાવી દેવા માટે પગલા લેવામાં આવી રહ્યા છે. ટ્રેનોમાં લોકપ્રિય ટીવી સિરિયલ, ફિલ્મ અને સંગીતના કાર્યક્રમ નિહાળી શકાશે. આના કારણે રેલવેની આવકમાં વધારો થઈ શકે છે. હોલિવુડ અને બોલિવુડ ફિલ્મો ઉપરાંત ક્ષેત્રીય ફિલ્મો પણ દર્શાવી શકાશે. અધિકારીએ વિગત આપતા કહ્યુ છે કે કેટલાક વિદેશી કાર્યક્રમ પણ દર્શાવી શકાશે.પ્રથમ તબક્કામાં આ સુવિધા તમામ રાજધાની, શતાબ્દી અને દુરેન્ટો ટ્રેનોમાં શરૂ કરવામાં આવનાર છે. દરેક ટ્રેનમાં સુવિધાની શરૂઆત કરવા માટે આશરે ૨૫ લાખ રૂપિયા ખર્ચ કરાશે. હોલીવુડ અને બોલીવુડની ફઈલ્મો ઉપરાંત અન્ય કેટલીક સુવિધાઓ રાખવામાં આવશે.